વેચાણ દસ્તાવેજ

રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીક્ટ અમદાવાદ, સબડીસ્ટ્રીક્ટ અમદાવાદ-૮ (સોલા) તાલુકા ઘાટલોડીયાનાં મોજે ભાડજ ગામની સીમનાં ખાતા નં.૫૪૩ નાં બ્લોક/સર્વે નં.૧૮૫/અ ની, હે.આરે.ચો.મી.૦-૩૪-૬૭ આકાર રૂા.૨-૭૭ પૈસાવાળી જમીન કે જેનો સમાવેશ ટી.પી.સ્કીમ નં.૪૦૬ માં થયેલ છે અને જેને ફાઈનલ પ્લોટ નં.૧૦૪ ની ૨૦૮૦ ચો.મી. જમીન ફાળવી આપવામાં આવેલ છે તે ફાઈનલ પ્લોટ નં.૧૦૪ ની (૧૫૦૦ ચો.મી. રહેણાંક માટે તથા ૫૮૦ ચો.મી. વાણિજય માટે) બીનખેતી જમીન ઉપર **'' ક્રિષ્ના હાઈટસ ''** નાં નામની ફ્લેટો તથા દુકાનોની યોજનામાં **.......ફલોર** ઉપરઆવેલ **ફલેટ/દુકાન નં.....**વાળી **આશરે .... ચો.મી.** બિલ્ટઅપ એરીયા યાને કે **આશરે .... ચો.મી.** કાર્પેટ એરીયાનાં બાંધકામવાળી મિલ્કતનો તથા કુલ .... ચોરસમીટર પૈકીની વગર વહેંચાયેલી વરાડે પડતી ....ચોરસમીટર જમીન સહીતની મીલકતનો વેચાણ દસ્તાવેજ **રૂા.....................અંકે રૂપિયા .... પુરાં**નો....

વેચાણ આપનાર :-	***કે એચ ડેવલોપરએ નામની ભાગીદારી પેઢી***
(લખી આપનાર)	***PAN NO.AAQFK 7185 E***
	રજી. ઓફીસ : ....
	..
	..
	વતી અને તરફથી તેનાં વહીવટકર્તા ભાગીદાર
	....
	ઉ.વ.આ....., ધંધો-ખેતી તથા વેપાર,

જેમને હવે પછી આ વેચાણ દસ્તાવેજમાં ''અમો'' અગર ''વેચાણ આપનાર'' એ રીતે સંબોધવામાં આવેલ છે. જેનાં અર્થમાં સદરહુ વેચાણ આપનાર ભાગીદારી પેઢી તથા તેના ભાગીદારો તથા ભાગીદારોના વંશ, વાલી, વારસો, સકસેસરો, એસાઈનીઓ, એજન્ટો, એકઝીકયુટરો, એડમીનીસ્ટ્રેટરો વિગેરે તમામનો સમાવેશ થાય છે.

વેચાણ લેનાર :-	....
(લખાવી લેનાર)	ઉ.વ.આ......, ધંધો-........
	PAN NO.
	રહે. ....
	....

જેમને હવે પછી આ વેચાણ દસ્તાવેજ ''તમો'' અગર ''લખાવી લેનાર'' એ રીતે સંબોધવામાં આવેલા છે. જેનાં અર્થમાં લખાવી લેનાર તથા તેમનાં વંશ, વાલી, વારસો, એકઝીકયુટરો, એડમીનીસ્ટ્રેટરો, એસાઈનીઓ ઈત્યાદી તમામનો સમાવેશ થાય છે.

જત

(૧) રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ અમદાવાદ, સબડીસ્ટ્રીકટ અમદાવાદ-૮ (સોલા) તાલુકા ઘાટલોડીયાનાં મોજે ભાડજ ગામની સીમનાં ખાતા નં.૫૪૩ નાં બ્લોક/સર્વે નં.૧૮૫/અ ની, હે.આરે.ચો.મી.૦-૩૪-૬૭ આકાર રૂા.૨-૭૭ પૈસાવાળી જમીન કે જેનો સમાવેશ ટી.પી.સ્કીમ નં.૪૦૬ માં થયેલ છે અને જેને ફાઈનલ પ્લોટ નં.૧૦૪ ની ૨૦૮૦ ચો.મી. જમીન ફાળવી આપવામાં આવેલ છે તે ફાઈનલ પ્લોટ નં.૧૦૪ ની (૧૫૦૦ ચો.મી. રહેણાંક માટે તથા ૫૮૦ ચો.મી. વાણિજય માટે) બીનખેતી જમીન અમો લખી આપનાર ભાગીદારી પેઢીએ તેનાં માલીક (૧) ડાહયાભાઈ વિઠ્ઠલભાઈ પટેલ તથા (૨) કોકીલાબેન ડાહયાભાઈ પટેલ પાસેથી તા.૦૭.૦૭.૨૦૧૭ નાં રોજ રજી. વેચાણ દસ્તાવેજ નં.૧૦૫૭૧/૨૦૧૭ થી વેચાણ રાખેલ છે. અને જે વેચાણ બદલની હકકપત્રકે નોંધ નં.૫૯૯૭ પડેલ છે, અને જે નોંધ તા.૬.૯.૨૦૧૭ નાં રોજ પ્રમાણિત થયેલ છે.

(૨) સદરહુ જમીનને બિનખેતીનાં ઉપયોગની પરવાનગી જીલ્લા કલેકટર કચેરી, અમદાવાદ નાં ક્રમાંક નં.સીબી/સીટીએસ-ર/એન.એ./ભાડજ/સર્વે નં.૧૮૫-અ/એસ.આર.-૨૨૬૧/૨૦૧૫ તા.૨૦.૪.૨૦૧૭ નાં રોજ આપવામાં આવેલ. તેમજ સદરહુ જમીનમાં રહેણાંક/વાણિજયનાં હેતુ માટેનાં બ્લોક-એ નાં બાંધકામ માટેની પરવાનગી રજાચઠ્ઠી નં.૯૭૬૯/૦૩૧૦૧૭/એ૯૧૯૦/આરઓ/એમ૧ થી તથા બ્લોક-બી નાં બાંધકામ માટેની પરવાનગી રજાચિઠ્ઠી નં.૯૭૬૯/૦૩૧૦૧૭/એ૯૧૯૧/આરઓ/એમ૧ થી તા.૩૦.૧૧.૨૦૧૭ નાં રોજ અમદાવાદ મ્યુનિસીપલ કોર્પોરેશન ધ્વારા આપવામાં આવેલ છે, અને મંજુર થયેલ નકશા મુજબ સદરહુ બિનખેતીની જમીનમાં **''ક્રિષ્ના હાઈટસ''** નાં નામથી ફલેટો તથા દુકાનોનું બાંધકામ કરવામાં આવેલ છે તે પૈકી **.......ફલોર** ઉપર આવેલ **ફલેટ/દુકાન નં**......વાળી **આશરે ....ચો.મી.** બિલ્ટઅપ એરીયા યાને કે **આશરે ....ચો.મી.** કાર્પેટ એરીયા ની બાંધકામવાળી મિલ્કતનો તથા કુલ .... ચોરસમીટર પૈકીની વગર વહેંચાયેલી વરાડે પડતી .... ચો.મી. જમીન સહીતની મીલકત જેનું સંપુર્ણપણે વર્ણન નીચે પરીશીષ્ટમાં કરવામાં આવેલ છે. જેને આ બાનાખતમાં **''મજકુર મીલકત''** અથવા **''સદરહુ મીલકત''** એ રીતે સંબોધવામાં આવેલ છે.

(૩) મજકુર બીનખેતી જમીનમાં રહેણાંકનાં હેતુ માટેનાં ફ્લેટો તથા વાણિજયનાં હેતુ માટે દુકાનોનું બાંધકામ કરવાનાં પ્લાન અમદાવાદ શહેરી વિકાસ સત્તા મંડળ (ઔડા) ધ્વારા મંજુર કરવામાં આવેલ. તેમજ બાંધકામ માટે અમદાવાદ મ્યુનિસીપલ કોર્પોરેશનની રજાચિઠ્ઠી બ્લોક-એ નં.૯૭૬૯/૦૩૧૦૧૭/એ૯૧૯૦/આરઓ/એમ૧ થી તા.૩૦.૧૧.૨૦૧૭ નાં રોજ તથા બ્લોક-બી નં.૯૭૬૯/૦૩૧૦૧૭/એ૯૧૯૧/આરઓ/એમ૧ થી તા.૩૦.૧૧.૨૦૧૭ નાં રોજ આપવામાં આવેલ. તે રજાચિઠ્ઠી મુજબ બ્લોક-એ માં ૪૨ તથા બ્લોક-બી માં ૨૮ રેસીડેન્સીયલ યુનિટ તથા બ્લોક-એ માં ૦૫ તથા બ્લોક-બી માં ૦૯ વાણિજય યુનિટ બાંધવા પરવાનગી આપવામાં આવેલ.

(૪) ઉપર પ્રમાણે અમદાવાદ મ્યુનિસીપલ કોર્પોરેશન ધ્વારા બાંધકામ કરવા રજાચિઠ્ઠી મળતાં મજકુર જમીનમાં મંજુર થયેલ પ્લાન મુજબ તથા રજાચિઠ્ઠી મુજબ સ્ટોર કેબીન અને લીફ્ટ રૂમનું બાંધકામ કરવામાં આવેલ છે. સદર યોજનાને **''ક્રિષ્ના હાઈટસ''** નામ આપવામાં આવેલ છે.

(૫) ઉપર પ્રમાણે બાંધવામાં આવેલ **''ક્રિષ્ના હાઈટસ''** નામની યોજનાનાં બિલ્ડીંગમાંની કોમન વપરાશની સ્થાવર તથા જંગમ મીલકતોનાં કોમન એમેનીટીઝનાં સહવપરાશની સ્થાવર તથા જંગમ મીલકતોનાં વણવહેંચાયેલા હકક સહીતની નીચે પરીશીષ્ટમાં જણાવેલ મીલકત આ વેચાણ દસ્તાવેજથી તમો વેચાણ લેનારને વેચાણ આપી છે, અને વેચાણ હકકથી તમો વેચાણ લેનાર સદર મીલકતનાં માલીક, કબજેદાર બનેલા છો.

(૬) મજકુર મીલકત તમો વેચાણ લેનારે વેચાણ લેવા સારૂ અમો વેચાણ આપનારનો સંપર્ક કરેલ, અને આપણી વચ્ચે વાટાઘાટો થયેલ તે અનુસાર વગર વહેંચાયેલ જમીન તથા તેવી જમીન ઉપર બાંધવામાં આવેલ ફલેટો/દુકાનો પૈકી ...... **ફલોર** ઉપર આવેલ **ફલેટ/દુકાન નં.....**વાળી મીલકત અમો વેચાણ આપનારે તમો વેચાણ લેનારને ઉચ્ચક કિંમતે અઘાટ વેચાણ રૂા....................... અંકે રૂપિયા .... પુરાંમાં વેચાણ આપેલ છે. જે વેચાણ અવેજની તમામ

રકમ અમો વેચાણ આપનારને તમો વેચાણ લેનાર પાસેથી નીચે મુજબની વિગતે મળી ગયેલ છે, અને એ રીતે તમો વેચાણ લેનાર વેચાણ ચુકવવાની જવાબદારીમાંથી સંપુર્ણ મુકત થયેલ છે.

અવેજ પહોંચ્યાની વિગત :-

રૂા................	અંકે રૂપિયા .... પુરાંનો ચેક નં............. તા............... નાં રોજનો ....નો તમો વેચાણ લેનારે અમો વેચાણ આપનારને આપેલ છે.
રૂા................	અંકે રૂપિયા .... પુરાંનો ચેક નં............. તા............... નાં રોજનો ....નો તમો વેચાણ લેનારે અમો વેચાણ આપનારને આપેલ છે.
રૂા................	અંકે રૂપિયા .... પુરાંનો ચેક નં............. તા............... નાં રોજનો ....નો તમો વેચાણ લેનારે અમો વેચાણ આપનારને આપેલ છે.
રૂા................	અંકે રૂપિયા .... પુરાંનો ચેક નં............. તા............... નાં રોજનો ....નો તમો વેચાણ લેનારે અમો વેચાણ આપનારને આપેલ છે.

રૂા..............   અંકે રૂપિયા .... પુરાં..

ઉપર મુજબ વેચાણ અવેજનાં નાણાં તમો વેચાણ લેનારે અમો વેચાણ આપનારને ચુકવ્યા છે. તે અમો વેચાણ આપનારને પહોંચ્યા છે. જેની પહોંચ અમો કબુલ કરીએ છીએ, અને તમોને વેચાણ અવેજ ચુકવવાની જવાબદારીમાંથી મુકત કરીએ છીએ, અને તેનાં અવેજમાં અમો વેચાણ આપનારે તમો વેચાણ લેનારને પરીશીષ્ટમાં જણાવેલ મીલકત વેચાણ આપી છે, અને આજરોજ પરીશીષ્ટમાં જણાવેલ મીલકતનો કબજો તમો બીજીતરફવાળાને સોંપેલો છે, અને વગર વહેંચાયેલી જમીનનો પણ પરોક્ષ કબજો સોંપેલ છે. જે જમીન તમામ ફલેટોના માલીકોની સંયુકત અને સહીયારી કબજા, ભોગવટાની મીલકત ગણાશે.

(૭) સદરહુ **''ક્રિષ્ના હાઈટસ''** નામના સંકુલમાં આવેલ બાંધકામ સિવાયની ખુલ્લી જમીન તથા કોમન પાર્કીંગની જગ્યા, સીડી, અન્ડર ગ્રાઉન્ડ તથા ઓવર હેડ પાણીની ટાંકીઓ, પાણીની પાઈપ લાઈન, ગટર લાઈન, સુએજ લાઈન તથા ઈલેકટ્રીક લાઈન, ટેલીફોન લાઈન વિગેરે ફલેટોમાં લાવવા લઈ જવાની કોમન વ્યવસ્થા, કોમન લાઈટો તેમજ માર્જીનની જમીન વિગેરે સહીયારી રીતે વાપરવાનો હકક તેમજ સુખાધિકાર તથા બાંધકામનાં અને ઉભા કોમન પીલ્લર્સ, બિલ્ડીંગનાં પાયાનું બાંધકામ તથા બીલ્ડીંગમાંની અન્ય સહવપરાશની વસ્તુઓમાં વગર વહેંચાયેલો દરાડે પડતો હકક અમો વેચાણ આપનારે તમો વેચાણ લેનારને આ વેચાણ દસ્તાવેજથી વેચાણ આપેલ છે. કોમન મીલકતોનો પ્રત્યક્ષ કબજો તમો વેચાણ લેનારને કે અન્ય વેચાણ લેનારને અલગ-અલગ સોંપવામાં આવેલો નથી. પરંતુ,તેનો બીજા સહ ફલેટ ધારકો સાથેનો વપરાશી હકક તમો વેચાણ લેનારને આપેલો છે.

(૮) સદરહુ **''ક્રિષ્ના હાઈટસ''** નામનાં બિલ્ડીંગનાં ફલેટો ખરીદનારા અંગે ભવિષ્યમાં એસોસીયેશન કે સોસાયટીની રચના કરે ત્યારે તેનાં વેચાણ લેનારે સભ્ય થવાનું ફરજીયાત રહેશે. તેમજ કોમન ખર્ચ અંગે જે કોન્ટ્રીબ્યુશન લેવાનું થાય તે રકમ આપવા તમો વેચાણ લેનારા બંધાયેલા છો. જે ખર્ચ વેચાણ લેનારે દરેકે વરાડે ભોગવવાનો

થશે, અને તેવી રકમ ચુકવવામાં તમો કસુર કરશો તો કોમન સુવિદ્યા વાપરવાનો હકક ગુમાવશો, અને તે સામે તમો વેચાણ લેનાર કોઈ વાંધો લઈ શકશો નહીં.

(૯) તમોને વેચાણ આપેલ મીલકત તમો તથા તમારા વંશ, વાલી, વારસો, સકસેસરો, ઉત્તરાધિકારીઓ વિગેરે લાગતા-વળગતાં તમામ ભોગવો, વેચો, ગીરો કરો, બક્ષીસ આપો તે માટે તમો હકકદાર છો, અને તમો વેચાણ લેનારને સદર મીલકત ઉપર લોન લેવાં અંગેનાં ડોકયુમેન્ટસની જરુર પડે તો તેવા ડોકયુમેન્ટસ પુરાં પાડવાની જવાબદારી અમોને યોગ્ય લાગશે તે રીતે સ્વીકારીશું.

(૧૦) સદરહુ **''ક્રિષ્ના હાઈટસ''** બિલ્ડીંગમાં જે ફલેટ ધારકો ફલેટો ધારણ કરશે તેઓએ એપાર્ટમેન્ટનું સહીયારા ખર્ચે મેન્ટેનન્સ કરવાનું રહેશે. તેમજ બિલ્ડીંગમાં વીજ કનેકશન તથા વીજળી વપરાશ સારૂ ભરવાની થતી રકમ પણ સહીયારી ભરવાની રહેશે. તેમજ બિલ્ડીંગ અંગેનાં કરવેરાઓ સબમર્શીબલ પંપ, લીફ્ટ, સ્ટ્રીટ લાઈટ, પાર્કીંગ લાઈટો તથા અંડર ગ્રાઉન્ડ તથા ઓવર હેડ ટેંકમાં પાણી ભરવાનાં ઈલેકટ્રીક પંપ તેમજ અન્ય સુવિદ્યા અંગેનું ખર્ચ તેમજ સિકયોરીટી સ્ટાફનો ખર્ચ વિગેરે કોમન સેવાઓનાં ખર્ચાઓ તમો વેચાણ લેનાર વરાડે ચુકવવા બંધાયેલા છો, અને આ બાબતે તમો વેચાણ લેનારને પુરતી હકીકત સમજાવવામાં આવેલ છે, અને તે માટે તમો સંમત થયેલા છો.

(૧૧) આ વેચાણ દસ્તાવેજમાં કાંઈપણ લખ્યુ હોય તેનાથી તમો વેચાણ લેનારને સદરહુ સમગ્ર જમીનમાંનાં વગર વહેંચાયેલા હકકો સિવાય અન્ય ભાગોમાં કોઈપણ પ્રકારનું હકક કે હિત આપવામાં આવેલો નથી. તેની માલીકી અમો વેચાણ આપનાર કંપનીની રહેશે, અને **''ક્રિષ્ના હાઈટસ''** સ્કીમમાં બનેલા તમામ ફલેટો વેચાઈ જાય અને કબજો સોંપાઈ જાય ત્યાં સુધી તેનો કંટ્રોલ અમો વેચાણ આપનાર કંપનીનો રહેશે.

(૧૨) તમો વેચાણ લેનારને **''ક્રિષ્ના હાઈટસ''** નાં સ્કીમનાં બાંધકામની પ્રવૃત્તિ સામે તેમજ ફલેટોના વેચાણ કરવા સામે કે તેની વ્યવસ્થા કરવા સામે કોઈપણ પ્રકારનો અવરોધ ઉભો કરવા હકક-અધિકાર નથી કે રહેશે નહીં.

(૧૩) સદરહુ **''ક્રિષ્ના હાઈટસ''** ની સ્કીમમાં આવેલ ફલેટો વેચાણ દસ્તાવેજ થયા વગરનાં પડી રહેલા હોય તે તમામની સંપુર્ણ માલીકી અમો વેચાણ આપનાર ભાગીદારી પેઢીની છે અને ગણાશે. તેમાં વેચાણ લેનારને કોઈ હકક-હિત નથી.

(૧૪) સમગ્ર જમીનનાં વેરાઓ, મહેસુલ, મ્યુનિસિપલ ટેક્ષ, શિક્ષણ શેષ, પાણી વેરો, ગટર વેરો, વિગેરે બિલ્ડીંગનાં કોમન વેરાઓની રકમ સંયુકત રીતે તમામ ફલેટ ધરાવનારાઓની વ્યકિતગત અને સંયુકત જવાબદારી છે અને થશે.

(૧૫) આ દસ્તાવેજમાં લખવામાં ન આવેલ હોય છતાં સહીયારી રીતે ચુકવવાની જતી રકમ ચુકવવા તમો વેચાણ લેનાર બંધાયેલા છો.

(૧૬) વેચાણ લેનારે વેચાણ લીધેલ ફલેટની જગ્યામાં કાયદાથી પ્રતિબંધત કોઈ સ્ફોટક પદાર્થ લાવશે કે રાખશે નહીં. તેમજ અતિ વજનદાર વસ્તુ લાવશે કે રાખશે નહીં કે જેનાથી બિલ્ડીંગનાં બાંધકામનાં માળખાને નુકશાન થાય.

(૧૭) વેચાણ લેનાર કે ફલેટનાં ધારકે અન્ય ફલેટોને નુકશાન થાય તેમજ અન્ય વ્યકિતને તકલીફ પડે તેવું કોઈ અપકૃત્ય કરવાનુ નથી. તેમજ વેચાણ લેનારે ફલેટનો ઉપયોગ અસામાજીક પ્રવૃત્તિ કરવા માટે કરવાનો નથી.

(૧૮) વેચાણ આપેલ ફલેટનું બાંધકામ રહેણાંકનાં ઉપયોગની પરવાનગીથી બાંધવામાં આવેલ છે એટલે રહેણાંકનાં હેતુ સિવાય વેચાણ લીધેલ ફલેટનો અન્ય ઉપયોગ કરવા હકકદાર નથી.

(૧૯) તમો વેચાણ લેનાર તમોને વેચાણ આપેલ ફલેટનાં બહારના દેખાવનો કોઈપણ ભાગ કે તેનાં બાહય સ્વરૂપમાં ફેરફાર કરવા હકકદાર નથી અને રહેશો નહીં. તેમજ માર્જીનની જમીનમાં, પાર્કીંગમાં કે અન્ય જગ્યાએ ગેરકાયદેસર દબાણ કરવા હકકદાર નથી. તેમજ તમોને વેચાણ આપેલ ફલેટની બહારની બાજુએ અલગ રીતે કલરકામ કરવા હકકદાર નથી. તેમજ કોઈ બાકી કે બાકોરા વિગેરે પાડી શકશો નહીં, અને સમગ્ર બ્લોકને કે બ્લોકનાં કોઈપણ ભાગને નુકશાન કરી શકશો નહીં.

(૨૦) સ્થાનિક સંસ્થાનાં નિયમોને કારણે કે કાયદાની અન્ય જોગવાઈઓને લીધે ફ્લેટમાં પોતે જાતે કોઈ બાંધકામ કે ફેરફાર કરશો તો તેવા બાંધકામ અંગે અમો વેચાણ આપનાર કંપનીની કે તેનાં વહીવટકર્તાઓની કોઈ જવાબદારી નથી અને થશે નહીં.

(૨૧) તમો વેચાણ લેનારે આ દસ્તાવેજથી વેચાણ આપેલ ફલેટનું બાધકામ જોઈ તપાસી લીધેલ છે, અને બાંધકામ કાયદેસર તેમજ ગુણવત્તાવાળું હોવાની ખાતરી કરાવેલ છે તથા બાંધકામ બાબતે અમો લખાવી લેનારને સંતોષ છે, અને આ બાબતે અમો વેચાણ લેનાર કે અમારા વંશ,વાલી, વારસો કયારેય કોઈપણ પ્રકારનું લીટીગેશન ઉભુ કરીશું નહીં.

(૨૨) સદરહુ તમોને વેચાણ આપેલ ફ્લેટ તમો બીજા કોઈને વેચાણ આપો ત્યારે બનાવેલ એસોસીયેશનનાં તથા સર્વીસ સોસાયટીનાં નિયમોનું પાલન કરવાનું રહેશે. તેમજ લીફટનો ઉપયોગ નીતિ-નિયમો અનુસાર કરવાનો છે.

(૨૩) તમોને વેચાણ આપેલ મીલકતનાં હવે પછીનાં વેરાઓ તેમજ અર્ધસરકારી ટેક્ષ, કોર્પોરેશન ટેક્ષ, વિશેષ ધારો, શિક્ષણ શેષ વિગેરે ભરપાઈ કરવાની જવાબદારી તમો વેચાણ લેનારની છે.

(૨૪) સદરહુ જમીન તથા તમોને વેચાણ આપેલ ફ્લેટનાં ટાઈટલ ચોખ્ખા અને માર્કેટેબલ છે, અને તમામ પ્રકારનાં બોજાઓથી મુકત છે, અને તેવો વિશ્વાસ આપી સદરહુ મીલકત તમોને વેચાણ આપેલ છે.

(૨૫) તમોને વેચાણ આપેલ ફ્લેટવાળી મીલકત તમો તમારા નામે લાગતે-વળગતે કચેરીઓમાં તમારા નામે આ વેચાણ દસ્તાવેજથી કરાવી લેવાં માલીક મુખત્યાર છો.

(૨૬) અમો વેચાણ આપનારે તમો વેચાણ લેનારને વેચાણ આપેલ ફ્લેટવાળી મીલકતનાં માલીકીનાં દસ્તાવેજોની નકલો તથા બાંધકામની રજાચિઠ્ઠીની નકલો, મંજુર થયેલ પ્લાનની નકલો વિગેરે જરુરી સાહિત્ય આજરોજ તમોને સોંપેલ છે.

(૨૭) આ વેચાણ દસ્તાવેજ અંગેનો તમામ ખર્ચ જેવો કે, સ્ટેમ્પ ડયુટી, રજીસ્ટ્રેશન ફી, દસ્તાવેજ ડ્રાફટીંગનો તથા ટાઈપ, ઝેરોક્ષ કરાવવાનો ખર્ચ વિગેરે તમો વેચાણ લેનારે ભોગવેલ છે અને ભોગવવાનાં છે.

(૨૮) આ વેચાણ દસ્તાવેજ ઉપર પ્રવર્તમાન કાયદાની જોગવાઈઓ અનુસાર જંત્રી મુજબ થતો સ્ટેમ્પ વાપરેલ છે.

(૨૯) તમોને વેચાણ આપેલ મજકુર મીલકતનાં નંબર, માપ તથા ખુંટચારની વિગત નીચે મુજબ છે.

પરીશીષ્ટ

રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીક્ટ અમદાવાદ, સબડીસ્ટ્રીક્ટ અમદાવાદ-૮ (સોલા) તાલુકા ઘાટલોડીયાનાં મોજે ભાડજ ગામની સીમનાં ખાતા નં.૫૪૩ નાં બ્લોક/સર્વે નં.૧૮૫/અ ની, હે.આરે.ચો.મી.૦-૩૪-૬૭ આકાર રૂા.૨-૭૭ પૈસાવાળી જમીન કે જેનો સમાવેશ ટી.પી.સ્કીમ નં.૪૦૬ માં થયેલ છે અને જેને ફાઈનલ પ્લોટ નં.૧૦૪ ની ૨૦૮૦ ચો.મી. જમીન ફાળવી આપવામાં આવેલ છે તે ફાઈનલ પ્લોટ નં.૧૦૪ ની (૧૫૦૦ ચો.મી. રહેણાંક માટે તથા ૫૮૦ ચો.મી. વાણિજય માટે) બીનખેતી જમીન ઉપર **'' ક્રિષ્ના હાઈટસ ''** નાં નામની ફ્લેટો તથા દુકાનોની યોજનામાં **.......ફલોર** ઉપરઆવેલ **ફલેટ/દુકાન નં.....**વાળી **આશરે .... ચો.મી.** બિલ્ટઅપ એરીયા યાને કે **આશરે .... ચો.મી.** કાર્પેટ એરીયાનાં બાંધકામવાળી મિલ્કતનો તથા કુલ .... ચોરસમીટર પૈકીની વગર વહેંચાયેલી વરાડે પડતી ....ચોરસમીટર જમીન સહીતની મીલકત...

ફલેટ/દુકાન નં. .... નાં ખુંટચારની વિગત :-

ઉત્તરે :-

દક્ષિણે :-

પૂર્વે :-

પશ્ચિમે :-

મીલકતનો ફોટોગ્રાફ

મિલકતનું પોસ્ટલ સરનામું :- **''ક્રિષ્ના હાઈટસ''** ફ્લેટ/દુકાન નં.........

મિલકત તબદીલ કરનારની સહી ....

મિલકત ખરીદનારની સહી ....

મીલકતનો ફોટોગ્રાફ

મિલકતનું પોસ્ટલ સરનામું :- **''ક્રિષ્ના હાઈટસ''** ફ્લેટ/દુકાન નં.........

મિલકત તબદીલ કરનારની સહી ....

મિલકત ખરીદનારની સહી ....

ઉપર મુજબ આ વેચાણ દસ્તાવેજ અમો વેચાણ આપનારે અમારી રાજીખુશીથી તથા અકકલ હોંશિયારીથી તથા કોઈના કોઈપણ જાતનાં દબાણ, શેહ-શરમ કે ધાક-ધમકી સિવાય, સંપુર્ણ સભાન અવસ્થામાં બિનકેફ હાલતમાં લખી આપેલ છે. જે અમો વેચાણ આપનાર ભાગીદારી પેઢીને તથા અમો વેચાણ આપનાર ભાગીદારી પેઢીનાં હાલનાં તથા વખતો વખતનાં બદલાતા ભાગીદારો તથા ભાગીદારોનાં વંશ, વાલી, વારસો ઈત્યાદી તમામને કબુલ મજુર અને બંધનકર્તા છે અને રહેશે.

આ વેચાણ દસ્તાવેજ અમોએ વાંચી, સમજી લીધેલ છે. જે બરાબર હોઈ નીચે અમારી સહી/અંગુઠા કરી શાખ નંખાવેલ છે.

આ વેચાણ દસ્તાવેજ આજ તા. ....નાં રોજ કરેલ છે.

અત્રે................મત્તુ
વેચાણ આપનારની સહી

''કે એચ ડેવલોપર'' એ નામની ભાગીદારી
પેઢી તરફે અને વતી વહીવટકર્તા ભાગીદાર,

____
....

અત્રે ....શાખ
સાક્ષીની સહી :-

રજીસ્ટ્રેશન એકટ ૧૯૦૮ ની કલમ ૩૨- એ મુજબનું પરીશીષ્ટ

લખી આપનારની સહી **ફોટો** **અંગુઠાની છાપ**

''કે એચ ડેવલોપર'' એ નામની ભાગીદારી
પેઢી તરફે અને વતી વહીવટકર્તા ભાગીદાર,

____

....

લખાવી લેનારની સહી **ફોટો** **અંગુઠાની છાપ**

____